For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# AMNSના 4 કામદારના ભડથું શરીરને પોટલું વાળી હોસ્પિટલ લાવવા પડ્યાં

**2000** ડિગ્રી તાપમાનમાં પળવારમાં જ હાડકાં ઓગળી ગયાં, ચામડી-માંસ બળી ગયા, ક્ષતવિક્ષત હાલત કંપાવી નાંખનારી

**મૃતકોની** ઓળખ કરવા માટે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ ઉપરાંત ડીએનએ ટેસ્ટનો સહારો લેવાયો

સુરતઃ હજીરાની AM/NS કંપનીમાં લાગેલી આગ દુર્ઘટનાએ સમગ્ર વિસ્તારને હચમચાવી નાખ્યું છે. 2000 ડિગ્રી તાપમાનમાં લગભગ ઓગળી ગયેલા હાડકા સાથે બોડીને પોટલું વાળી નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

AM/NS કંપનીમાં મંગળવારની સાંજે બનેલી દુર્ઘટનામાં પ્લાન્ટ-2એ ભારે જાનહાનિ ખાના ખરાબી વેરી છે. આ કંપનીમાં દુર્ઘટના બાદ લાંબા સમય સુધી ઢાંકપીછોડો કરવા કોશિશ કરાઈ હતી. પરંતુ લિફ્ટમાં ભૂંજાઈ ગયેલા મૃતકો પૈકી સ્થાનિક વિસ્તારના હોવાથી સમગ્ર વાત બહાર આવી હતી. આ ઘટનાને પગલે પોલીસ, ફાયર, નોટીફાઇડ એરિયા ઓફિસર, ઓલપાડ પ્રાંત ઓફિસર તેમજ ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અધિકારીઓ દોડી આવ્યા હતા. રાહત કામગીરી દરમિયાન દુર્ઘટનાગ્રસ્ત પ્લાન્ટ-2માં લિફ્ટમાં ફસાયેલા અને 2000 ડિગ્રી તાપમાનમાં ઓગળી ગયેલા શબોને બહાર કાઢવામાં આવ્યા હતા. ત્યારબાદ મોડી રાત્રે નવી સિવિલ હોસ્પિટલ ખાતે

...અનુસંધાન પાના 5 પર

### ગણેશને શોધતી પત્ની પહોંચી ત્યારે દુર્ઘટનાની જાણ થઈ, પેન્ટના ખિસ્સામાંથી મોબાઈલ મળી આવતાં ઓળખ થઈ

AM/NS કંપનીમાં સવારે 8:30 વાગ્યાના સુમારે નોકરી ઉપર ગયેલો ગણેશ સુરેશ બુધ્ધ (24 વર્ષ) રોજે સાંજે 5:30-6 વાગ્યાની વચ્ચે ઘરે આવી જાય છે. પરંતુ કાલે મોડી સાંજ સુધી તે ઘરે આવ્યો ન હતો. જેથી તેની પત્ની સુષ્મા તેના સબંધીઓ સાથે કંપનીમાં જોવા માટે ગઈ હતી. ત્યારે તેણીને ખબર પડી કે અહીં કોઈ દુર્ઘટના બની છે. કંપનીએ દુર્ઘટના બાબતે કોઈના પણ પરિવારને જાણ કરી ન હતી. જેથી કંપનીની બેદરકારી સામે મૃતકોના પરિવારજનોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. મૃતક ગણેશ દુર્ઘટનામાં બળીને ભડથું થઈ ગયો હતો. પરંતુ તેના પેન્ટના ખિસ્સામાંથી તેનો મોબાઈલ ફોન મળી આવતાં તેની પત્નીએ તેની ઓળખ કરી હતી.

### મોટી બહેનના ફેબ્રુઆરીની 22મીએ લગ્ન નક્કી થયાં, પરંતુ પરિવારનો આર્થિક આધારસ્તંભ સંદીપ જ ભડથું થઈ ગયો

મહુવા ખંદાલ ગામના રહેવાસી અને હાલ અડાજણ ભંડારીવાડમાં રહેતાં મૃતક 25 વર્ષીય સંદીપ અશોકભાઈ પટેલના સંબધી લીનય રમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આગામી ફેબ્રુઆરી મહિનાની 22 અને 23 તારીખે મારા ભાઈ જમીન સાથે તેની મોટી બહેન અનિતાના લગ્ન છે. સંદીપના પિતા મહુવા સુગર મિલમાં નોકરી કરતા હતા. હાલમાં તે નિવૃત્ત જીવન જીવી રહ્યા છે. તેમજ સંદીપ ત્રણ બહેનો વચ્ચે એકનો એક ભાઈ છે. જેથી ઘર અને બહેનના લગ્નની જવાબદારી સંદીપ પર હતી. પરંતુ દુર્ઘટનામાં સંદીપ બળીને ભડથું થઈ ગયો છે. બહેનના લગ્ન પહેલા સંદીપના મોતને લઈને પરિવારના બંને હાથ કપાઈ હોય તેમ લાગી રહ્યું છે. હજુ સુધી કંપનીના વ્યક્તિ અને પોલીસનું કોઈ ઠેકાણું નથી.

### દુર્ઘટના સમયે ફક્ત 4 લોકો હોય એ હું માની શકતી નથી, કંપની કંઈ ને કંઈ છુપાવી રહી છે: મૃતક જિજ્ઞેશની બહેન

અડાજણ ગામ શિવદર્શન એપાર્ટમેન્ટમાં રહેતા જીજ્ઞેશ દિલીપભાઈ પારેખ (39 વર્ષ) પણ દુર્ઘટના સમયે ત્યાં કામ કરી રહ્યો હતો. તે છેલ્લા 16 વર્ષથી કંપનીમાં કામ કરતો હતો. જીજ્ઞેશની બહેન નિકિતા સુમિત હરસોરાએ કંપનીની સાથે-સાથે સ્થાનિક હજીરા પોલીસ સામે આક્ષેપોની ઝડી વરસાવી હતી. નિકિતાએ કહ્યું કે, તમામ મૃતકોના પરિવારજનો ગામથી અહીંયા આવી ગયા છે. દુર્ઘટનાને 18 કલાક જેવો સમય વિતી ગયો છે. તેમ છતાં હજી સુધી હજીરા પોલીસ અહીં આવી નથી. પોલીસે DNA લેવાની વાત કરી હતી, પરંતુ હજી સુધી કોઈ કામગીરી

...અનુસંધાન પાના 5 પર

### 18 કલાકે પણ હજુ સુધી કંપનીના કોઈ ઓથોરાઈઝ વ્યક્તિ અમને મળવા આવ્યા નથી: મૃતક ધવલના સંબંધી

મૂળ તાપી દોલવડ પારડી ગામના અને હાલમાં અડાજણ ભંડારીવાડમાં રહેતો ધવલ નરેશભાઈ પટેલ (24 વર્ષ) પણ કંપનીની દુર્ઘટનામાં બળીને ભડથું થઈ ગયો હતો. તેના સંબધી રાકેશ પટેલે જણાવ્યું હતું કે, ધવલ 6 મહિના પહેલા જ કંપનીમાં નોકરી પર લાગ્યો હતો અને તેણે એક વર્ષ પહેલાં જ પ્રેમલગ્ન કર્યા હતા. કંપનીની દુર્ઘટનાને 18 કલાક જેટલો સમય વિતી ગયો છે. તેમ છતાં હજી સુધી કંપનીથી કોઈ ઓથોરાઈઝ વ્યક્તિ આવ્યું નથી. ના તો કોઈએ મૃતકોના પરિવારજનોને સાંત્વના આપી દુઃખ વ્યક્ત કર્યું છે.

### મૃતકના પરિવારને આર્થિક સહાય અને પરિવારના એક વ્યક્તિને નોકરી અપાશે: AMNS

સુરતઃ સુરતના હજીરા સ્થિત AMNS કંપનીના કોરેક્સ-2 પ્લાન્ટમાં ગઈકાલે બનેલી ઘટનામાં ખાનગી કંપનીના 4 કરાર આધારિત કામદારોનાં મોત થયાં હતાં. આ ઘટનામાં AMNS ઇન્ડિયા દ્વારા મૃતક કામદારોના પરિવારને માનવતાના ધોરણે આર્થિક સહાય

...અનુસંધાન પાના 5 પર

■ જ્યાંથી સંસ્કારો મળતા હોય તેવા યુનિ. કેમ્પસમાં જ બોઝ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ થર્ટી ફર્સ્ટે દારૂની મહેફિલ માણતા હતા. (તસવીરઃ સતીષ જાદવ)

**સત્તાધીશો મહોત્સવોમાંથી ઊંચા નથી આવતાં ને વિદ્યાર્થીઓ કેમ્પસમાં પાર્ટી કરી રહ્યા છે**

# નર્મદ યુનિ.માં સત્તાધીશોના નાક નીચે 'થર્ટી ફર્સ્ટ' નાઈટે દારૂની મહેફિલ, એક ઝડપાયો, ચાર ફરાર

**યુનિ.ના** રજિસ્ટ્રાર બોઝ હોસ્ટેલના પહેલા માળે દારૂની પાર્ટી ચાલતી હોવાની જાણ થતાં દોડતા પહોંચ્યા, પરંતુ એક જ વિદ્યાર્થી હાથ લાગ્યો

**અમીર** નબીરાઓની માનીતી બ્રાન્ડ જહોની વોકરની દારૂની બોટલ મળી આવી, પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી

**હોસ્ટેલમાં** રેડની જાણ થતાં વિદ્યાર્થીઓમાં નાસભાગ, મહેફિલમાંથી ભાગેલા વિદ્યાર્થીઓને હજુ ઓળખી શકાયા નહીં તે આશ્ચર્ય

સુરતઃ જેને શિક્ષણનું ધામ કહેવાય તેવી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં જ થર્ટી ફર્સ્ટની નાઈટે વિદ્યાર્થીઓ દ્વારા સત્તાધીશોના નાક નીચે જ દારૂની પાર્ટી કરવામાં આવતા મોટો વિવાદ થવા પામ્યો

...અનુસંધાન પાના 5 પર

### ચાર વિદ્યાર્થી ભાગી ગયાનું ખુદ રજિસ્ટ્રારે જણાવ્યું, છતાં પોલીસ ફરિયાદમાં ઉલ્લેખ કેમ નહીં?

વીર નર્મદ યુનિવર્સિટી ક્વાર્ટસમાં રહેતા ભરત જીવણજી ઠાકોરે વેસુ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ સિક્યુરિટી ઓફિસર સહિતના માણસો સાથે ગઈકાલે રાત્રે કેમ્પસમાં રૂટિન ચેકીંગ કરતા હતા. ત્યારે વિવેકાનંદ બોઝ હોસ્ટેલમાં પહેલા માળે રૂમ નંબર 14માં પહોંચતા તે રૂમમાં રહેતા વિદ્યાર્થી અભિજીહ મોહનન કોમત (ઉ.વ.23)ને પીધેલી હાલતમાં પકડી પાડ્યો હતો. તેની પાસેથી એક જોની વોકર દારૂની બોટલ મળી આવી હતી. આ ઘટના વખતે અન્ય ચાર વિદ્યાર્થી ભાગી ગયા હોવાનું ખુદ રજીસ્ટ્રાર જણાવી રહ્યા છે. તો પછી એફઆઈઆરમાં આ અંગે કોઈ ઉલ્લેખ નહીં કરી માહિતી છુપાવવા બાબતે અનેક સવાલો ઉભા થયા છે.

### આ સમગ્ર ઘટનાના સીસીટીવી પણ યુનિવર્સિટીએ છુપાવવા પ્રયાસ કર્યો

આ ઘટના વખતના કેટલાક સીસીટીવી અને વિડીયો પણ હોવાનું જાણવા મળ્યું છે. પરંતુ યુનિવર્સિટી દ્વારા આ ફુટેજ છુપાવવા માટે પ્રયાસ કર્યો છે. તે પણ શંકા ઉપજાવે તેમ છે. આવા વિદ્યાર્થીઓને છાવરવામાં આવતા હોય તેવું લાગે છે. હોસ્ટેલમાં રહેતા હોવા છતા આવા વિદ્યાર્થીઓના નામ હજુ સુધી ખબર પડી નથી. આ ઘટના બાદ યુનિવર્સિટીના શિસ્તબંધી નિયમોને મજબૂત બનાવવાની માંગ ઉઠી છે. છાત્રાલયમાં રહેનાર અન્ય વિદ્યાર્થીઓએ પણ આ ઘટના અંગે નારાજગી વ્યક્ત કરી છે. "અમે અહીં ભણવા આવ્યા છીએ, અને આવી પ્રવૃત્તિઓ શૈક્ષણિક માહોલ ખરાબ કરે છે, "એમ એક વિદ્યાર્થીએ નામ ન જણાવવાની શરતે જણાવ્યું.

### તમામના હોસ્ટેલનાં એડમિશન કેન્સલ કરી દીધાં છે

રજીસ્ટ્રાર આરસી ગઢવીએ જણાવ્યું કે, અમને જાણ થતા જ અમે રેઈડ કરી હતી, ત્યારે ચારેક જણાં ભાગી ગયા હતાં, તેના ફુટેજ પણ છે. એક વિદ્યાર્થી પકડાયો છે. તેની સામે ગુનો દાખલ કર્યો છે. સાથે જ હોસ્ટેલના એડમિશન તેમના કેન્સલ કરી દેવાયા છે.

**ગોડાદરામાં સુપર સિનેમા રોડ પર નિર્દોષના મોત બાદ પણ પોલીસનું હૈયું વલોવાતું નથી**

# DGVCLના કોન્ટ્રાક્ટરની બેદરકારીથી આગમાં દાઝેલા બેનાં મોત, પોલીસની લાશ પર બેસીને સોદાબાજી

**આગમાં** એક જ પરિવારના 4 લોકો દાઝ્યા હતા, મોતને ભેટેલામાં બે બાળકોનો સમાવેશ છતાં પોલીસે માત્ર અકસ્માત મોતની જ નોંધ કરી

**જવાબદારોને** બચાવવાની જાણે સોપારી લીધી હોય તેમ ગોડાદરા પોલીસને ગુનો નોંધવામાં કોઈ જ રસ નથી, પો.કમિ. તપાસ કરે તે જરૂરી

સુરતઃ ગોડાદરામાં આવેલા સુપર સિનેમા રોડની સામે ગત 25 મીની સવારે DGVCLદ્વારા ખોદકામ કરતી વેળા ગુજરાત ગેસ લાઈનમાં ભંગાણ સર્જાયા બાદ આગ ફાટી નીકળવાની ઘટનામાં બે બે માસુમના મોત થયા બાદ પણ પોલીસ જાણે લાશો પર ખેલ કરવા માંગતી હોય તેમ કોની જવાબદારી હતી તેનો ગુનો નોંધ્યો નથી. પોલીસે જાણે મોતની

...અનુસંધાન પાના 5 પર

### પીઆઈ કહે છે, જરૂર લાગશે તો કાર્યવાહી કરાશે, સાત દિવસ કંઈ કર્યું નહીં તેની કોઈ સ્પષ્ટતા નહીં

આ મામલે પીઆઇ આર્યએ જણાવ્યું હતું કે તપાસ ચાલી રહી છે. જરૂર જણાશે તો કાર્યવાહી કરાશે. અલબત આ મહાશયે સાત દિવસથી કોઇ ફરિયાદ દાખલ નથી કરાઈ, ત્યારે તે અંગે કોઇ સ્પષ્ટતા કરી ન હતી.

# DGVCLના નફ્ફટ અધિકારીઓને બેનાં મોત બાદ એક્શન લેવાનું સૂઝ્યું

**ડે.ઈજનેરની** બદલી, ઉચ્ચ સ્તરની કમિટીની રચના કરાઈ, કમિટી સાત દિવસમાં રિપોર્ટ સોંપે પછી કાર્યવાહી કરાશે

સુરત : ગોડાદરામાં ડીજીવીસીએલની કામગીરી દરમિયાન બનેલી આગની દુર્ઘટનામાં નફ્ફટ અધિકારીઓને બે બાળકોના મોત બાદ હવે છેક પગલા લેવાનું સુઝ્યું છે. બેજવાબદાર સત્તાધીશોએ છેક હવે લિંબાયત સબ ડિવિઝનના ડેપ્યુટી એન્જિનિયરની તાત્કાલિક બદલી કરવાની સાથે કમિટીની રચના કરવાની જાહેરાત કરી છે.

જ્યારે હોનારત બની ત્યારે ડીજીવીસીએલના નપાણીયા અધિકારીઓ દ્વારા પોતાના અધિકારીઓ અને કોન્ટ્રાકટરોને બચાવવા માટે કોઈ જ પગલાલ લેવામાં આવ્યા નહોતા. માક્ષ l&t કંપનીને નોટિસ આપીને સંતોષ માનવામાં આવ્યો હતો. પરંતુ બેદરકારી દાખવનાર પેટા કોન્ટ્રાક્ટરની સામે અત્યાર સુધી પોલીસ દ્વારા પણ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. હવે જ્યારે બે બાળકટોના મોત થયા ત્યારે બેજવાબદાર અધિકારીઓ દ્વારા

...અનુસંધાન પાના 5 પર

### દુર્ઘટના બાદ L&T હવે કર્મચારીઓને તાલીમ આપશે

ડીજીવીસીએલ દ્વારા લિંબાયત સબ ડિવિઝનના ડેપ્યુટી એન્જિનિયર એ. કે. પટેલની આ ઘટના બાદ બદલી કરવામાં આવી છે. આ સાથે જ l&t દ્વારા કરવામાં આવી રહેલી દક્ષિણ ગુજરાતમાં તમામ જગ્યાની કામગીરી રોકી દેવામાં આવી છે. અને પહેલા તમામને સેફ્ટી ટ્રેનિંગ આપવામાં આવશે ત્યાર પછી કામગીરી શરૂ કરાશે.

# નવા વર્ષના પ્રથમ અઠવાડિયામાં ઠંડી પડશે, નલિયામાં 6 ડિગ્રી

**કાશ્મીર,** ઉત્તરાખંડમાં થયેલી હિમવર્ષાને પગલે રાજ્યમાં કોલ્ડવેવની આગાહી, રાજ્યમાં આખું અઠવાડિયું ઠંડીનું જોર રહેશે

ગાંધીનગરઃ ઉત્તર ભારતમાં કાશ્મીર તેમજ ઉત્તરાખંડમાં થયેલી ભારે બરફવર્ષાના પગલે ગુજરાતમાં શીત લહેર ફરી વળી છે. ગુજરાતમાં જાન્યુ. માસના પહેલા સપ્તાહ સુધી કાતિલ ઠંડી રહેવાની છે, તેવી ચેતવણી હવામાન વિભાગ દ્વારા

...અનુસંધાન પાના 5 પર

### સુરતમાં 17.8 ડિગ્રી સાથે ઠંડી યથાવત, જો કે હવે ઠંડી વધવાની અણસાર

સુરતઃ શહેરમાં આજે મહત્તમ અને લઘુત્તમ તાપમાન જાણે થીજી ગયું હોય તેમ ગઈકાલ જેટલું જ યથાવત રહ્યું હતું. ઉત્તરના પવનોની સાથે આજે ઠંડીમાં ઘટાડો અનુભવાયો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ શહેરમાં આજે મહત્તમ તાપમાન 31.6 ડિગ્રી નોંધાયું હતું.

...અનુસંધાન પાના 5 પર

ક્ષત્રિય
દુઃખદ અવસાન/બેસણું

દિલગીરી સહ જણાવવાનું કે, મારા ધર્મપત્ની
કૈલાશબેન પોપટલાલ તાલીયા
નું દુઃખદ અવસાન તા. ૦૧/૦૧/૨૦૨૫ ને બુધવારના રોજ થયેલ છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

સ્વ.કૈલાશબેન પોપટલાલ તાલીયા
સ્વ.તા.૦૧/૦૧/૨૦૨૫

બેસણું
સદ્‌ગતનું બેસણું તા. ૦૨/૦૧/૨૦૨૫ ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ કલાક દરમ્યાન રાખવામાં આવેલ છે.

બેસણાનું સ્થળ
રૂસ્તમપુરા, સીંગાપુરીની વાડી, A/C ધમણવાલા હોલ, સુરત

લિ.
પોપટલાલ મોહનલાલ તાલીયા (પતિ)
કમલેશ પોપટલાલ તાલીયા(પુત્ર)
આશા કમલેશ તાલીયા (પુત્રવધુ)
સતીશ પોપટલાલ તાલીયા (પુત્ર)
અસ્મીના સતીશ તાલીયા (પુત્રવધુ)
પરમ સતીશ તાલીયા (પૌત્ર)
તથા સમસ્ત તાલીયા પરિવાર

દુઃખદ અવસાન/બેસણું

સ્વ. હિતેશભાઈ છનાભાઈ પટેલ
સ્વ. તા.૦૧/૦૧/૨૦૨૫

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પુત્ર/ભાઈ/પતિ/પિતાશ્રી હિતેશભાઈ છનાભાઈ પટેલનું તા.૧/૧/૨૦૨૫ ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૩/૧/૨૦૨૫ ને શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ કલાકે દરમ્યાન હમારા નિવાસ સ્થાને રાખેલ છે.
નોંધ : લૌકિક રિવાજ બંધ છે.

લિ.
સ્વ. છનાભાઈ મંગુભાઈ પટેલ ગં.સ્વ. હિરાબેન છનાભાઈ પટેલ
ગં.સ્વ. કેતનાબેન હિતેશભાઈ પટેલ
કિરીટભાઈ છનાભાઈ પટેલ અમીબેન કિરીટભાઈ પટેલ
મલય કિરીટભાઈ પટેલ જેમિની મલય પટેલ
ઝીલ ચિંતન પટેલ ચિંતનભાઈ મોહનભાઈ પટેલ (જમાઈ)
ઈન્દુબેન યશવંતભાઈ પટેલ યશવંત ડાહ્યાભાઈ (રાજા)
ખુશી હિતેશભાઈ પટેલ વૈદય ચિંતન પટેલ
ધાર્મિક મલય પટેલ
નિવાસ સ્થાન : પટેલ ફળીયું, અલથાણ ગામ, તા.ચોર્યાસી, જી. સુરત.
મો. ૯૯૦૯૮ ૯૮૫૫૦

હાર્દિક શ્રધ્ધાંજલિ

સ્વ. મંજુલાબેન જયંતિભાઈ પટેલ
જન્મ તા.: ૦૧/૧૨/૧૯૪૬
સ્વ.તા: ૨૯/૧૨/૨૦૨૪

સમય જુંદગીનો ઓછો હશે, ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી,
કોઈ સૂચના વગર સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા, ભગવાન દિવ્ય આત્માને આશીર્વાદ આપે એ જ ભાવનાત્મક શ્રધ્ધાંજલિ. ૐ શાંતિ.

લિ. પેવાઈ પક્ષ
સ્વ.બાલુભાઈ દેવાભાઈ પટેલ | સ્વ.રતુબેન બાલુભાઈ પટેલ
મોહનભાઈ બાલુભાઈ પટેલ | જયશ્રીબેન મોહનભાઈ પટેલ
હસમુખભાઈ બાલુભાઈ પટેલ | પુષ્પાબેન હસમુખભાઈ પટેલ
યતીન મોહનભાઈ પટેલ | નેહા યતીન પટેલ
તપન મોહનભાઈ પટેલ | હેતલ તપન પટેલ
નીલ હસમુખભાઈ પટેલ | હીરલ નીલ પટેલ
સાનિધ્ય, ધ્વનિત, નિશીવ

સ્વ. રાજેશભાઈ મોહનભાઈ માળી
જન્મ તા.: ૨૫-૦૪-૧૯૭૫
સ્વ.તા.: ૦૨-૦૧-૨૦૨૧

ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ
તમારા મધુર સ્મરણો અમારા હૃદયમાં, તમારા કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં, સદેહ તમે નથી એ સચ્ચાઈ છે, પણ અસ્તિત્વમાં તમે છો અને હંમેશા રહેશો, એ વિશ્વાસ છે. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
લિ.
ARTHAM Finserve Pvt Ltd

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |
| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ

સ્વ. ઇચ્છાબેન ગંભીરસિંહ પરમાર
સ્વ.તા.૦૨-૦૧-૨૦૨૪
જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ, ધ્રુવં જન્મ મૃતસ્ય ચ।
તસ્માદપરિહાર્યેઽર્થે, ન ત્વં શોચિતુમર્હસિ॥
જગતમાં હોઠ પર બોલાતો સુંદર શબ્દ છે 'માં'
તું આજે નથી પણ તારી વાતોના ભણકારા સદા વાગ્યા કરે,
તારી મધુર યાદ, સંસ્કારની દેન અને મમતા-સમતા કેવી રીતે ભુલી શકાય.
યાદોમાં તારા પ્રત્યક્ષ દર્શન થયા કરે. 'માં' તને કોટી-કોટી વંદન

લિ. ઠાકોરસિંહ બહેચરસિંહ પરમાર (દિયર)
ઈશ્વરસિંહ ગંભીરસિંહ પરમાર (પુત્ર) | અંજનાબેન ઈશ્વરસિંહ પરમાર (પુત્રવધૂ)
નયનાબેન હિંમતસિંહ પરમાર (પુત્રી) | હિંમતસિંહ બળવંતસિંહ પરમાર (જમાઈ)
જીજ્ઞેશ ઈશ્વરસિંહ પરમાર (પૌત્ર) | શિવાની જીજ્ઞેશસિંહ પરમાર (પૌત્રવધૂ)
મયુરી હાર્દિકસિંહ ઠાકોર (પૌત્રી) | હાર્દિકસિંહ કિરણસિંહ ઠાકોર (જમાઈ)
શિવાય જીજ્ઞેશ પરમાર
મુ.પો.અનાવલ (ડિંગ્રીમોરા ફળીયુ) તા.મહુવા, જી.સુરત. મો.૯૮૨૫૪ ૨૭૯૮૦, ૮૧૪૧૫ ૧૩૯૪૫

॥ જય સ્વામિનારાયણ ॥



...શ્રદ્ધાંજલી...
દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી
હસમુખલાલ અમૃતલાલ બોઘાવાલા
તા. ૦૧.૦૧.૨૦૨૫ને બુધવારના રોજ શ્રીજી શરણ થયા છે.
આપની હયાતી અમારી પ્રેરણા હતી, આપના આદર્શ માર્ગદર્શક હતા, આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ, લાગણીશીલતા અને પરોપકાર અમો આજીવન ભૂલશું નહીં. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના
સ્વ. હસમુખલાલ અમૃતલાલ બોઘાવાલા
સ્વ. તા. ૦૧.૦૧.૨૦૨૫
લિ.
ગં.સ્વ. સુશીલાબેન હસમુખલાલ બોઘાવાલા
દીપક હસમુખલાલ બોઘાવાલા (પુત્ર) - હિના દીપક બોઘાવાલા
રાકેશ હસમુખલાલ બોઘાવાલા (પુત્ર) - જાગૃતિ રાકેશ બોઘાવાલા
જીગર રાકેશ બોઘાવાલા (પૌત્ર) - ઝીલ જીગર બોઘાવાલા
સાધના ગીરીશકુમાર કાબરાવાલા (પુત્રી) - હિના મુકેશકુમાર મોદી (પુત્રી)
રૂચિ રવિકુમાર કાબરાવાલા (પૌત્રી) - તન્વી ઉત્કર્ષકુમાર પટેલ (પૌત્રી)
માહિર અને માહી (પપૌત્રી)

સુરતી મોટ વણિક અવસાન

દિલગીરી સહ જણાવવાનું કે
મારા ધર્મપત્ની
હેમલતાબેન નવીનચંદ્ર ગાંધી નું
તા. ૦૧.૦૧.૨૦૨૫ બુધવારના રોજ
દુઃખદ અવસાન થયેલ છે.
પ્રભુ સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના....
:: પાથરણું ::
સદ્‌ગતના પાથરણાની ક્રિયા
તા. ૦૨.૦૧.૨૦૨૫ ગુરૂવારના રોજ
સવારે ૯.૦૦ કલાકે
નાગરદાસ હોલ, વાડીયા નગર, અડાજણ, સુરત મુકામે રાખેલ છે.
સ્વ. હેમલતાબેન નવીનચંદ્ર ગાંધી
સ્વ. તા. ૦૧.૦૧.૨૦૨૫
લિ.
નવીનચંદ્ર અંબારામ ગાંધી (પતિ)
સંગીતા ભરત મગજવાલા(પુત્રી) | ભરત જયંતિલાલ મગજવાલા(જમાઈ)
મમતા મનીષ કાપડીયા(પુત્રી) | મનીષ અરવિંદભાઈ કાપડીયા(જમાઈ)
કોમલ નવીન ગાંધી(પુત્રી) | પ્રીયેશ(વિકી) જગદીશભાઈ હલવાવાલા
(જનતા એન્જીનીયરીંગ વર્કસ પરિવાર)